નવી બાબત: ૨૦૨૩-૨૪

મનરેગા યોજના હેઠળ ૧૬૫૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ તથા ૧૬૦૦ જર્જરીત આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/0178/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

(૧) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર ક્રમાંક :૧૧/૪/૨૦૨૧-૨૦૨૧-સીડી-૧ (ઇ-૯૫૭૦૬) તા.૧/૮/૨૦૨૨

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના પત્ર ક્રમાંક: આઇસીડીએસ/બજટ/ઇ-ફાઇલ/૨૫૭/૨૦૨૩/૦૧૦૯/ઇન્ફ્રાસ્ટ્રક્ચર તા.૦૩/૦૨/૨૦૨૩

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0568/B

આમુખ:-

રાજ્યમાં કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાંથી, ગ્રામીણ/આદિવાસી વિસ્તારમાં ૫૨૨૯ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનો અથવા અન્ય મકાનોમાં કાર્યરત છે. જ્યારે ગ્રામીણ/આદિવાસી વિસ્તારોમાં ૨૨૫૮ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે જમીન ઉપલબ્ધ છે. દર વર્ષે મનરેગા સાથે કન્વર્જન્સમાં બાંધકામ માટે ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવતી આંગણવાડી કેન્દ્રોની નજીવી સંખ્યાને ધ્યાનમાં લેતા, આંગણવાડી કેન્દ્રોના બાંધકામને પુર્ણ કરવામાં લાંબો સમય લાગી શકે છે.

વંચાણે લીધા (૧) થી મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ પર ભારત સરકારની નવી માર્ગદર્શિકા મુજબ, આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે મંજૂર કરાયેલ રકમ રૂ. ૧૨.00 લાખ છે, જેમાંથી રૂ. ૮.00 લાખ મનરેગા હેઠળ ફાળવવામાં આવશે જ્યારે રૂ. ૨.૦૦ લાખ ૧૫ માં નાણાંપંચ અથવા અન્ય અનટાઇડ ફંડ હેઠળ ફાળવવામાં આવશે અને રૂ.૨.૦૦ લાખ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ૬૦:૪૦ના ફાળા મુજબ ફાળવવામાં આવશે. વંચાણે લીધા (૨) થી મનરેગા યોજના હેઠળ ૧૬૫૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ.૪.૦૦ લાખ તથા ૧૬૦૦ જર્જરીત આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ.૪.૫૦ લાખ માટે રૂ.૧૩૮૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ માટે દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધા (૩) થી મનરેગા યોજના અંતર્ગત બાંધકામ થતા આંગણવાડી કેંદ્રોની યુનિટ કોસ્ટ રિવાઇઝ કરી રૂ.૭.૦૦ લાખથી વધારીને રૂ.૧૨.૦૦ લાખ કરવામાં આવેલ છે.

ઠરાવ:-

મનરેગા યોજના હઠેળ ૧૬૫૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ.૪.૦૦ લાખ તથા ૧૬૦૦ જર્જરીત આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ રૂ.૪.૫૦ લાખ લેખે કરવા માટે કુલ રૂ.૧૩૮૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ માટે નીચેની વિગતે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

૧.આંગણવાડી કેન્દ્રોના નિયત કરેલા ડિઝાઇન અથવા મોડલમાં ફેરફાર કરવાની આવશ્યકતા જણાય તો તે માટે નાણા વિભાગની મંજુરી લેવાની રહેશે.

૨.બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૪. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૫. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી

મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૬. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૭. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૮. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૯. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૧. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૪. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

૧૬. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.

૧૭. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૮. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૯. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૨૦. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૨૨. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૨૩. GIDB ના તા. ૩૦/૦૩/૨૦૨૨ ના પત્ર મુજબ P M ગતિ શક્તિ ગુજરાત-ઈંટ્રીગેટેડ માસ્ટર પ્લાન પોર્ટલ સાથે લિંકેજ કરાવી, ઈંટ્રીગેશન કમ્લીશન સર્ટીફિકેટ વીથ યુનિક આઈડી જનરેટેડ કરાવી લેવાનું રહેશે.

૨૪. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૨૫. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૨૬. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૮. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૨૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૧. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. : ૧૦૬

મુખ્ય સદર : ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ

ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા ગૌણ સદર : ૦૫- શહેરી વિસ્તારોમાં આંગણવાડીનું બાંધકામ (૧૦૦ % રાજ્ય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૧/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)

ઉપ સચિવ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ./ મ્યુ.કો..........................

૧૭ સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)

૧૮. શાખા સિલેક્ટ ફાઈલ.